# ગાંધીનગરમાં એઈડસ દિન નિમિત્તે સહી ઝૂંબેશ યોજાઈ

**ગાંધી એનપી પ્લસ સંસ્થાના કેર એન્ડ સપોર્ટ સેન્ટર દ્વારા એચઆઈવી પોઝીટીવ લોકોને નૈતિકબળ પુરું પાડવાના ઉદ્દેશથી સહી ઝુંબેશનું આયોજન : સિવિલ હોસ્પિટલ અને એસ.ટી. ડેપો ખાતે યોજાયેલ ઝુંબેશમાં ૯૦૦થી વધુ લોકોએ પોતાની સહી કરી સમર્થન આપ્યું**






(તસવીર : કશ્યપ નિમાવત)

ગાંધીનગર, તા.૧

વિશ્વભરમાં તા. ૧લી ડીસેમ્બરને 'એઈડસ દિન' તરીકે ઉજવવામાં આવ્યો હતો અને ઠેર ઠેર લોકોને એચઆઈવી એઈડસ અંગે જાગૃતિ ફેલાવવા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. ગાંધીનગરમાં પણ ગાંધી એનપી પ્લસ નામની સંસ્થાના વિહાન પ્રોજેક્ટ અંતર્ગત એચઆઈવી પોઝીટીવ લોકોને નૈતિકબળ પુરું પાડવાના હેતુથી કેર એન્ડ સપોર્ટ સેન્ટર દ્વારા સિવીલ હોસ્પિટલ અને પથિકાશ્રમ એસટી ડેપો ખાતે સીગ્નચર અભિયાન ચલાવવામાં આવ્યું હતું.

ગાંધીનગર નેટવર્ક ઓફ પીપલ લીવીંગ વીથ એચઆઈવી પોઝીટીવ ચેરીટેબલ ટ્રસ્ટના કેર એન્ડ સપોર્ટ સેન્ટર દ્વારા આયોજિત આ સહી ઝુંબેશના પ્રારંભે સિવિલ હોસ્પિટલ ખાતે સુપ્રિટેન્ડન્ટ સૈયદ સાહેબ, આરએમઓ દક્ષાબેન મેડિકલ કોલેજના ડીન વ્યાસ સાહેબ, જિલ્લા ક્ષય કેન્દ્રના સોલંકી સાહેબ તેમજ એચઆઈવી સેન્ટરના નોડલ ઓફિસર ડો. શશી મુદ્રા સહિત અનેક અગ્રણી જોડાયા હતાં. સિવિલ હોસ્પિટલના ઓપીડી વિભાગના પ્રવેશદ્વારે યોજાયેલ આ સહી ઝુંબેશમાં ગાંધી એનપી પ્લસ સંસ્થાના કર્મચારીએ દરેક મુલાકાતીઓને એચઆઈવી/ એઈડસ રોગ અંગે વિગતવાર માહિતી આપતા ચોપાનિયા વહેંચ્યા હતા. આ ઉપરાંત લોકોને આ રોગના દર્દીઓ પ્રત્યે સહાનુભૂતિ દાખવવા અને તેમને નૈતિક સપોર્ટ પુરો પાડવા સહી ઝુંબેશમાં સામેલ થવા અનુરોધ કર્યો હતો. અનેક લોકોએ આ સહી ઝુંબેશને સમર્થન આપી ત્યાં લગાડાયેલા બેનર પર પોતાની સિગ્નેચર કરી હતી.

પથિકાશ્રમ પાસેના ગાંધીનગરના મુખ્ય એસ.ટી. ડેપો ખાતે પણ આ પ્રકારની સહી ઝુંબેશ ચલાવાઈ હતી અને જેને અનેક મુસાફરો, અપડાઉન કરતા વિદ્યાર્થીઓ અને મુલાકાતીઓએ પોતાની સહી કરી સમર્થન આપ્યું હતું. દિવસ દરમિયાનની આ સહી ઝુંબેશમાં આશરે ૯૦૦થી વધુ લોકોએ પોતાની સહી કરી એચઆઈવી એઈડસના દર્દીઓ પ્રત્યે સહાનુભૂતિ દાખવવાની સાથે તેમને નૈતિક બળ પુરું પાડવામાં અને સમાજમાં સન્માનનીય સ્થાન મળી રહે તે માટે પોતાનું સમર્થન જાહેર કર્યું હતું.

## ગાંધીનગર ફેમીલી કોર્ટે ૧ વર્ષમાં ૫૪૫ કેસોનો નિકાલ કર્યો

ગાંધીનગર, તા.૧

ગાંધીનગરમાં ફેમીલી કોર્ટની સ્થાપનાને ૧લી ડીસેમ્બરે એક વર્ષ પૂર્ણ થયું છે. ફેમીલી કોર્ટે અપુરતી સુવિધાઓ વચ્ચે પણ એક વર્ષના ટુંકા ગાળામાં ૫૪૫ જેટલા કેસો પર ચુકાદા આપી નિકાલ કરી સુંદર કામગીરી કરી છે.

રાજયમાં સરકારના સ્ત્રી સશકિતકરણના પ્રયાસો છતાં મહિલાઓને લગતા ગુનાઓ પ્રતિદિન વધી રહ્યા છે. ગાંધીનગર જિલ્લામાં પણ ગૃહ કંકાસ તથા છુટાછેડા જેવા ફેમીલીને લગતા કેસો વધી રહ્યા છે જેને ધ્યાને લઈને કાયદા વિભાગ દ્વારા ગાંધીનગર જિલ્લા કક્ષાની બે કોર્ટ ઉભી કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. જેના પગલે ગત વર્ષે ૧ ડિસેમ્બરના રોજ ગાંધીનગર જિલ્લા કોર્ટના પ્રથમ માળે ફેમીલી કોર્ટ શરુ કરી દેવામાં આવી હતી. પ્રાપ્ત માહિતી અનુસાર વર્ષ ૨૦૧૩માં કોર્ટ શરૂ થતા ફેમીલી કોર્ટને લગતા ૩૪૬ કેસો પેન્ડીંગ હતા જેમાં છુટાછેડા સહિતના ૧૬૨ કેસો પેન્ડીંગ હતા અને કોર્ટ શરૂ થયા બાદ પણ સતત કેસો નોંધાતા રહ્યા છે. જેમાં એચ.એમ. એ ને લગતા ૧૭૧ જેટલા કેસો પ્રથમ વર્ષમાં નિકાલ કરી દેવાયા છે. જયારે ક્રિમીનલ કેસોની સંખ્યા ફેમીલી કોર્ટની સ્થાપના વખતે ૩૭૫ જેટલી હતી. કોર્ટે ચાલુ વર્ષે કુલ ૫૪૫ કેસોનો નિકાલ કર્યો હતો.

## નવ પરગણા ગરો બ્રાહ્મણ સમાજનો સમૂહ લગ્નોત્સવ ગાંધીનગર ખાતે યોજાશે

ગાંધીનગર, તા.૧

બસો બ્યાસી નવ પરગણા ગરો બ્રાહ્મણ સમાજ સમુહલગ્ન સમિતિ દ્વારા તેરમા સમુહ લગ્નનું આયોજન આગામી તા. ૨૫-૧-૨૦૧૫ને રવિવારના રોજ ગાંધીનગર ખાતે સેકટર-૬-ડી ના મેદાનમાં કરવામાં આવેલ છે. આ સમુહ લગ્નના દાતા કાંસા ગામના વતની અને હાલમાં વડોદરા ખાતે રહેતા માન. હંસાબેન અનિલભાઈ ગાંધી એચ.એ. એજયુકેશન ટ્રસ્ટના સૌજન્યથી તમામ ખર્ચ ઉપાડી લીધેલ હોવાથી આ પ્રસંગે બસો બ્યાસી નવ પરગણા ગરો બ્રાહ્મણના વરઘોડિયાએ તા. ૨૦-૧૨-૨૦૧૪ સુધીમાં સમિતિના આયોજક પાસે નોંધણી કરાવવા અમિતભાઈ ગાંધી અને વૈશાખભાઈ ગાંધીએ જણાવ્યું છે.

તેરમા સમુહ લગ્નમાં જોડાયેલ વરઘોડિયાને ભેટ-સોગાદ આપવા ઈચ્છતા સમાજના તમામ ભાઈ બહેનોએ તા. ૨૦-૧૨-૨૦૧૪સુધીમાં સંસ્થાના પ્રમુખ ચિમનલાલ એમ. રાજગોર (વરેઠા) મહામંત્રી પ્રવિણભાઈ એ. નાગરા (મેડા આદરજ) ખજાનચી હેમંતભાઈ એન. શ્રીમાળી (વેડા) પાસે સમયસર નોંધાવવા સંસ્થાના પૂર્વ પ્રમુખ રમણલાલ એમ. પુરાણી, નટવરલાલ ડી. દવે, દુષ્યંતકુમાર બી. શ્રીમાળી અને કનુભાઈ પી. શ્રીમાળીએ આગ્રહભરી નમ્ર વિનંતી કરેલ છે.



ગુજરાત અનુ.જાતિ અતિપછાત વિકાસ નિગમના ચેરમેન પ્રવિણભાઈ પંડ્યાને અભિનંદન પાઠવવા માટે અતિપછાત જાતિ પૈકી નાડિયા જ્ઞાતિના આગેવાનો સર્વ પ્રહલાદભાઈ નાડિયા, એન.યુ.એસ. ટીમ અને બળદેવભાઈ નાડિયા, ભુપેન્દ્રભાઈ નાડિયા, મોહનભાઈ શંકરભાઈ હડિયેલ, નટવરભાઈ શંકરભાઈ હડિયેલ, જયંતીભાઈ ટેલર, રાજેશભાઈ હડિયેલ, રાજુભાઈ પરમાર ગાંધીનગર ખાતે મળ્યા હતા. આ કાર્યક્રમમાં અતિ પછાત જાતિ નાડિયા જાતિના મહીલા ડીરેક્ટર શ્રીમતી હંસાબેન પ્રેમેન્દ્રભાઈ વાઘેલાનું પણ સમાજ વતી અભિવાદન કરવામાં આવ્યું હતું તેમજ ગોધરા નગરપાલિકાના પ્રમુખ રાજુભાઈ દરજી અને ગોધરા નગરપાલિકાના ઉપપ્રમુખ ઈલેન્દ્રભાઈ પંચાલ, ગોધરા જિલ્લાના લઘુમતી મોરચાના મહામંત્રી સઈદખાન પઠાણ અને ગોધરા નગર લઘુમતી મોરચાના જિલ્લાના ઉપપ્રમુખ યુસુફખાન પઠાન ઉપસ્થિત રહ્યા હતા.

# સેક્ટર-૨૪ની ઝાડીઓમાંથી યુવાનનો મૃતદેહ મળતા ચકચાર

### ઝેરી દવા ગટગટાવી આપઘાત કર્યો હોવાની આશંકા : મૃતદેહ પાસેથી દવાની બોટલ મળી

ગાંધીનગર, તા.૧

સે-૨૪માં રહેતા અને ત્રણેક દિવસથી લાપતા થયેલ યુવાન ભાઈની ગુમ થયા અંગેની જાણવા જોગ આપવા મોટો ભાઈ પોલિસ સ્ટેશન પહોંચ્યો ત્યાં જ પોલીસને સે-૨૪ની ઝાડીઓમાં બિનવારસી મૃતદેહ મળ્યાનો કોલ મળ્યો હતો. જાણવા જોગ આપવા આવેલા યુવાનને પોલીસે કહ્યું કે ત્યાં જોઈ જુવો...! ઝાડીઓમાં પડેલા મૃતદેહ પાસે પહોંચીને તે યુવાને જોયું તો ત્રણ દિવસથી ગુમ જે નાના ભાઈની ફરિયાદ આપવા ગયો હતો તેનો જ મૃતદેહ હતો...! સે-૨૧ પોલીસે મૃતદેહ પોસ્ટમોર્ટમ કરાવી મૃત્યુનું કારણ બહાર લાવવા તજવીજ શરુ કરી છે.

સે-૨૪ સીએનજી પંપ નજીક ઝાડીઓમાંથી બિનવારસી હાલતમાં મળી આવેલા મૃતદેહ અંગે સે-૨૧ પોલીસે તપાસ કરતાં પેથાપુર ખાતે દાબેલી નાસ્તાની લારી ચલાવતા અને સે-૨૪ શ્રીનગર ખાતે રહેતા દિનેશ માંગીલાલ ચૌધરી હોવાનું બહાર આવ્યું છે. મૃતદેહ પાસેથી પોલીસને દવાની ખાલી બોટલ પણ મળી આવતા ઝેરી દવા ગટગટાવી તેણે આપઘાત કર્યો હોવાનું પ્રાથમિક તપાસમાં જાણવા મળી રહ્યું છે. પોલીસે એફએસએલ અધિકારીઓની હાજરીમાં વિડીયોગ્રાફી સાથે પેનલ ડોકટરની મદદથી યુવાનનું પોસ્ટમોર્ટમ કરાવી મૃતદેહ પરીવારજનોને સોંપ્યો હતો. પરિવારજનોના જણાવ્યા મુજબ ત્રણેક દિવસથી તે ગુમ હતો અને પોલીસ ફરિયાદ કરવા પહોંચ્યા અને પોલીસ દ્વારા બિનવારસી લાશ મળ્યાના મેસેજ મળતા સે-૪માં પહોંચ્યા હતાં. સે-૨૧ પોલીસે ગુનાની વધુ તપાસ શરુ કરી છે.

# અમદાવાદમાં કમળા બાદ હવે ડેન્ગ્યુ રોગનો આતંક

### એક જ અઠવાડિયામાં ૧૫૦થી વધુ ડેન્ગ્યુના કેસ નોંધાતા તંત્રની ઉંઘ હરામ થઈ : કમળા-ડેન્ગ્યુથી વ્યાપક દહેશત

અમદાવાદ, તા.૦૧

શહેરમાં છેલ્લા એક મહિનાથી જુદા જુદા વિસ્તારમાં કમળાના રોગચાળાએ ભારે માઝા મુકી દીધી છે. એમાંય ઉત્તરઝોનના સરસપુર વિસ્તારમાં કમળાના રોગચાળાએ આતંક મચાવી દીધો છે. રોજેરોજ કમળાના નવા નવા કેસો નોંધાતા ચકચાર મચી જવા પામી છે.

એક બાજુ કમળાના રોગચાળાએ તંત્રને દોડતા કરી દીધા છે ત્યારે બીજીબાજુ ડેન્ગ્યુના કેસમાં વધારો થયો છે. એક જ અઠવાડિયામાં ૧૫૦થી વધુ ડેન્ગ્યુના કેસો સામે આવ્યા છે. શહેરમાં નવેમ્બર મહિનામાં ડેન્ગ્યુના ૩૯૪ દર્દીઓ નોંધાયા છે. જેમાંથી મોટાભાગના દર્દીઓ તો એકલા નવા પશ્ચિમ ઝોનના નોંધાયા છે. શહેરનો નવો પશ્ચિમ ઝોન સૌથી મોટો ઝોન છે. જેમાં ડેન્ગ્યુ વકર્યો છે.

ડેન્ગ્યુના દર્દીઓમાં ૪૦થી ૪૫ ટકા દર્દીઓ માત્ર નવા પશ્ચિમ ઝોનમાં નોંધાયા છે. તેવું હેલ્થ ઓફિસર ડો.ભાવિન સોલંકીએ જણાવ્યું હતું. હાલમાં ખાનગી અને સરકારી હોસ્પિટલો તેમજ દવાખાના દર્દીઓથી ઉભરાઈ રહ્યા છે. કમળાના રોગચાળાને હજુ તંત્ર દ્વારા કાબુમાં લેવામાં આવ્યો નથી. ત્યારે ડેન્ગ્યુના રોગચાળામાં વધારો થતો જોવા મળ્યો છે.

તંત્ર દ્વારા પીવાના સ્વચ્છ પાણી અને સેનીટેશનની સુવિધાઓ લઈને દેખાવોનો દોર શરૂ થઈ ચુકયો હોવા છતાં રોગચાળો કાબુમાં આવ્યો હોય તેવું લાગતું નથી. શહેરમાં પાણીજન્ય કેસોમાં એક જ મહિનામાં ઝાડા ઉલ્ટીના ૬૨૧, કમળાના ૪૪૬ અને ટાઈફોઈડના ૨૦૮ કેસો સામે આવ્યા છે. જયારે મચ્છરજન્ય કેસોમાં એક જ મહિનામાં સાદા મલેરિયાના ૨૯૮, ઝેરી મેલેરિયાના ૨૦૫ અને ડેન્ગ્યુના ૩૯૪ કેસો સામે આવ્યા છે. ડેન્ગ્યુના વધતા જતા આંકડાથી તંત્ર દોડતું થઈ ગયું છે. રોગચાળાને રોકવા માટે તંત્ર દ્વારા અલગ અલગ વિસ્તારોમાં દવાઓનો છંટકાવ સતત કરવામાં આવી રહ્યો છે. કન્ટ્રક્શન સાઈટો પર ચેકીંગ હાથ ધરવામાં આવી રહ્યું છે.

## ચંડોળા, દાણીલીમડા હલકી ગુણવત્તાના ઓઈલના કેન્દ્ર

અમદાવાદ, તા.૦૧

હલકી ગુણવત્તા ધરાવતા ઓઈલનું ધૂમ વેચાણ હાલમાં થઈ રહ્યું છે. અમદાવાદ શહેરના ચંડોળા અને દાણીલીમડા પણ સસ્તા અને હલકી ગુણવત્તાના ઓઈલના મુખ્ય સ્થળો હોવાનું જાણવા મળ્યું છે.રાજ્યને પ્રદૂષણમુક્ત બનાવવા માટે એક તરફ સીએનજીનો મહત્તમ ઉપયોગ કરાઈ રહ્યો છે ત્યારે બીજી તરફ બનાવટી અને હલકી ગુણવત્તાના ઓઈલનો વ્યાપક ઉપયોગ થતો હોવાનું ખુલ્લેઆમ ચર્ચાઈ રહ્યું છે. લાયસન્સ લીધા વિના જ અનેક ઓઈલના વેપારની હાટડીઓ ખુલી છે જેના કારણે પ્રદૂષણમાં વધારો થઈ શકે છે. જિલ્લામાં ખૂબ જ ઓછા વાહનચાલકો સારી બ્રાન્ડના ઓઈલનો ઉપયોગ કરી રહ્યા છે. મોટાભાગના રીક્ષાચાલકો અને જીપ ચાલકો હલકી અને સસ્તી ગુણવત્તાવાળા ઓઈલના મોટા ગ્રાહકો હોવાનું જાણવા મળેલ છે. જિલ્લામાં વાહનમાં વપરાતા ઓઈલ કે અન્ય કોઈપણ પ્રકારના ઓઈલ અથવા ગ્રીસનું ઉત્પાદન કે વેચાણ કરનારને જિલ્લા ઉદ્યોગ વિભાગ પાસેથી લાયસન્સ મેળવવું પડતું હોય છે તથા આ લાયસન્સ બાદ વિક્રેતા પર સંપૂર્ણ તપાસ પુરવઠા વિભાગ દ્વારા કરવામાં આવતી હોય છે. ઓઈલની ગુણવત્તા માટે આઈએસઆઈ સ્ટાન્ડર્ડ જરૂરી છે જો આ બાબતે સાબરકાંઠા પુરવઠા વિભાગ રીક્ષાચાલકો તથા ખાનગી વાહનોની તપાસ કરાવે તો પ્રદૂષણથી પ્રજાને રાહત મળી શકે.

## ભાટ ગામ પાસે બિનવારસી યુવકનો મૃતદેહ મળ્યો

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર નજીક ભાટ ગામની સીમમાં એક ખાડામાંથી આશરે ૨૫થી ૩૦ વર્ષના અજાણ્યા યુવાનનો મૃતદેહ મળી આવ્યો હતો. શરીરે જુની ટી શર્ટ, છીંકણી પેન્ટ પહેરેલું છે. શર્માજીના ફાર્મની બાજુમાં એક ખાડામાંથી ભીખારી કે મજુર જેવા આ બિનવારસી હાલતમાં મળેલા યુવાનના મૃતદેહને અડાલજ પોલીસે પોસ્ટ મોર્ટમ માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ મોકલી અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને જમાદાર અમરતભાઈએ વધુ તપાસ શરુ કરી છે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૭.૦૫
સૂર્યાસ્ત : ૫.૫૨

## તાપમાન

મહત્તમ : ૩૩.૦ ડિ.સે.
લઘુત્તમ : ૧૫.૦ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૭૨ ટકા ● સાંજે ૩૬ ટકા

## મનોરંજન

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :

હેપ્પી એન્ડીંગ : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

સ્ક્રીન-૨ :

ટીટ્ટો એમ.બી.એ. : ૧૦.૧૫, ૧.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

કિલ/દીલ : ૪.૧૫

સ્ક્રીન-૩ :

મની બેક ગેરન્ટી : ૧૦.૦૦, ૪.૦૦, ૭.૦૦

કિલ/દીલ : ૧.૦૦, ૧૦.૦૦

### સિનેમેક્સ,

: સ્ક્રીન-૧ :

ઉંગલી : ૧૦.૦૦, ૧૨.૩૦, ૩.૧૦, ૫.૪૫, ૧૦.૪૫

ધ હંગર ગેમ મોકીંગજય પાર્ટ-૧ (અંગ્રેજી) : ૮.૨૦

: સ્ક્રીન-૨ :

ઉડી પેન્જીયસ : માડાગાસ્કર (અંગ્રેજી) : ૧૦.૧૦, ૧૨.૨૫, ૬.૦૦, ૮.૧૫

ધ હંગર ગેમ મોકીંગજય પાર્ટ-૧ (અંગ્રેજી) : ૧૦.૩૦

ઈન્ટરસ્ટેલર (અંગ્રેજી) : ૨.૪૦

સ્ક્રીન-૩ :

ધ હંગર ગેમ મોકીંગજય પાર્ટ-૧ (અંગ્રેજી) : ૯.૧૫, ૧૨.૦૫, ૨.૪૫

જીદ : ૫.૨૫, ૧૦.૫૫

ઝેડ પ્લસ : ૮.૦૫

સ્ક્રીન-૪ :

ઉંગલી : ૯.૦૦, ૪.૧૫, ૭.૨૦, ૯.૫૫

જીદ : ૧૧.૩૦

હેપ્પી એન્ડીંગ : ૨.૦૦

## આપની આજ

**મેષ** : સંગીતનાં ક્ષેત્રમાં રુચિ વધારો થશે. વેપાર - ધંધોમાં વધારો થઈ શકશે. વિશેષ કાર્યો માટે કરવામાં આવેલી દોડધામ લાભદાયી તથા સાર્થક સિદ્ધ થશે.

**વૃષભ** : સુખ-સમૃદ્ધિમાં વધારો થવાની અનેક અટવાયેલા કાર્ય પણ સમય પર પૂર્ણ થઈ શકશે. સંતાનપક્ષ તરફથી સુખદ સમાચાર મળશે. ગ્રાહકોથી મધુર સંબંધ બંધાશે.

**મિથુન** : ઘરમાં મહેમાન આવવાની શકયતાઓ છે. વ્યાપાર-વ્યવસાય મધ્યમ રહેશે. નવા સંબંધો રચાશે. સત્સંગમાં ભાગ લેવાનું થશે. માનસિક શાંતિ જાળવી રાખવી.

**કર્ક** : સગા-સંબંધીઓથી મુલાકાત થશે. દામ્પત્યજીવનમાં સુખમાં કમી ન થાય તેની કાળજી રાખવી. ખર્ચમાં વધારો થવાની સંભાવના છે. વિશેષ યાત્રા-પ્રવાસનો યોગ બની રહ્યો છે. ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો.

**સિંહ** : મિત્રોના સહયોગથી ઉદ્‌ભવેલ સમસ્યાનું સમાધાન મળી શકે છે. વ્યાપારમાં પ્રગતિ થશે. નોકરી- વ્યવસાયમાં અણધારી સફળતા પ્રાપ્ત થશે.

**કન્યા** : આપ સાહસિત અને અથાગ પરિશ્રમમાં આપ માનો છો તેથી આર્થિક સ્થિતિને લઈને ચિંતા ન કરો. માનસિક દ્વંદ્વને કારણે તમારી નિર્ણય ક્ષમતા પ્રભાવિત થશે.

**તુલા** : નવી યોજનાઓનો પ્રારંભ થશે. ધૈર્યને કારને તમારી મોટીથી મોટી આકાંક્ષા પણ પૂર્ણ થતી જણાય. પોતાના પ્રયત્નોથી જ લોકપ્રિયતા અને સામાજિક સન્માન પ્રાપ્ત કરશો.

**વૃશ્ચિક** : આપના થકી થયેલા અથાગ પ્રયત્ન અને પરિશ્રણ સાર્થક થશે. કાર્ય અને વ્યવસાયના ક્ષેત્રમાં યોગ્ય સફળતા પ્રાપ્ત થઈ શકે છે. દિવસ પ્રસન્નતામાં પસાર થવાની શક્યતા છે. કુટુંબમાં લગ્ન સંબંધી કાર્યક્રમાનું આયોજન થઈ શકે છે.

**ધન** : વિદ્યાર્થીઓએ શિક્ષા પર પર્યાપ્ત ધ્યાન આપવું પડશે. સમ્માનમાં કમીના અવસરનો સંદેશ કાર્યની ગતિને પ્રભાવિત કરશે. વ્યપારમાં હાનિ થવાની સંભાવના છે. સાવચેતી અને સતર્કતા રાખીને કામ કરો.

**મકર** : સંતાન ઉજજવળ ભવિષ્યની તરફ અગ્રેસર થઈ શકશે. મિત્રોના સહયોગથી સમસ્યાઓનું સમાધાન મળી શકે છે. આવકના નવા સ્ત્રોત ઉભા થવાની સંભાવના છે. આળસ છોડીને કાર્ય સમય પર પૂર્ણ કરો.

**કુંભ** : વ્યાપાર- વ્યવસાયમાં ભાગીદારીમાં નુકશાનકારક ન બને તેની કાળજી રાખવી. જીવનસંગીની સાથે તકરાર ન બને. કૌટુંબીજનો સાથે મતભેદ થવાની સંભાવના છે.

**મીન** : મિત્રો અને સહયોગીઓ પર વધારે વિશ્વાસ નુકશાનકારક બની શકે છે. વ્યાપારમાં નવીન કરારો પર ધ્યાન આપવું હિતકારક રહેશે. પોતાની વસ્તુઓ સંભાળીને રાખો.

## ચિરવિદાય

- સ્વ. કુંતિબેન દાસ (ઉ.વ.૭૬) ડી-૨૦૨, દ્વારકેશ રેસીડેન્સી, વાવોલ, તા.જી. ગાંધીનગર
- સ્વ. બચુજી બાબાજી ઠાકોર (ઉ.વ.૬૫) મુ. ચાંદીસણા, તા. કલોલ, જી. ગાંધીનગર
- દિનેશકુમાર માંગીલાલ ચૌધરી (ઉ.વ.૨૫) ૧૦૨/૪૩૦, શ્રીનગર, સેક્ટર-૨૪, ગાંધીનગર